**શ્રીજી**

રજી.વે.દ. નં.
તારીખ :

પ્લોટ નં. ૩૬/૧

# વેચાણ દસ્તાવેજ

**વેચાણ દસ્તાવેજ લખાવી લેનાર**

મહેન્દ્ર બ્રધર્સ એકસોપોર્ટ પ્રા. લી. કંપની વતી
અને તર્ફે અધિકૃત કરેલ ઓથોરાઈઝડ વ્યકિત
સાવનભાઈ રજનીકાંત શાહ
રહેવાસી : ''મહેન્દ્ર બ્રધર્સ'' ગણદેવી રોડ,
મુ.પો. જમાલપોર, તા. જી. નવસારીના

**વેચાણ દસ્તાવેજ લખી આપનાર**

ઘનશ્યામભાઈ વલ્લભભાઈ ચોવટીયા
રહેવાસી : મુકિતધામ, પુણા, સુરત, જી. સુરત

-: Computer Print By :-
*NISARG Computer Type Mo. 99242 46048*

सत्यमेव जयते

# INDIA NON JUDICIAL

## Government of Gujarat

### Certificate of Stamp Duty

તારીખ 23/5/14
ટોકન નંબર 12 રૂપિયા 14,000
સબ રજીસ્ટ્રાર નવસારી

| | | |
|---|---|---|
| Certificate No. | : | IN-GJ66872538432993M |
| Certificate Issued Date | : | 23-May-2014 02:51 PM |
| Account Reference | : | SHCIL (FI)/ gjshcil01/ NAVSARI/ GJ-NV |
| Unique Doc. Reference | : | SUBIN-GJGJSHCIL0103953174650309M |
| Purchased by | : | MAHENDRABROTHERS EXPORT PVT LTD |
| Description of Document | : | Article 20(a) Conveyance - Immovable Property |
| Property Description | : | MOJE JAMALPORE TA DI NAVSARI R.S. NO 17 PAIKI PLOT NO 48 TO 81 PAIKI 20/PAIKI 1 PLOT NO 36/1 |
| Consideration Price (Rs.) | : | 94,080<br>(Ninety Four Thousand And Eighty only) |
| First Party | : | MAHENDRABROTHERS EXPORT PVT LTD |
| Second Party | : | GHANSHYAM VALLABHBHAI CHOVATIYA |
| Stamp Duty Paid By | : | MAHENDRABROTHERS EXPORT PVT LTD |
| Stamp Duty Amount(Rs.) | : | 4,700<br>(Four Thousand Seven Hundred only) |

SHCIL NAVSARI NATHANA

S. R. Shah.


જી. વી ચોવટીયા

NSR
№ 3556 - 1/20
2014

YL 0000386318

Statutory Alert:
1. The authenticity of this Stamp Certificate should be verified at "www.shcilestamp.com". Any discrepancy in the details on this Certificate and as available on the website renders it invalid.
2. The onus of checking the legitimacy is on the users of the certificate.
3. In case of any discrepancy please inform the Competent Authority.

| NSR |
| --- |
| № 3556 - 2 / 29 |
| 2014 |



S. R. Shah.

# : વેચાણ દસ્તાવેજ :

મોજે : જમાલપોર, તા. જી.નવસારીના રેવન્યુ સર્વે નં. ૧૭ પૈકી પ્લોટ નં. ૪૮ થી ૮૧ પૈકી ૨૦ / પૈકી ૧, **પ્લોટ નં. ૩૬/૧** વાળી બિનખેતીની ખુલ્લી જમીનનો વેચાણ દસ્તાવેજ રૂા.૯૪,૦૮૦/- અંકે રૂપિયા ચોરાણું હજાર એંશી પુરાનો.

---

શ્રી સંવત ૨૦૭૦ ના વૈશાખ વદ દશમ ને વાર શુક્ર અંગ્રેજી તારીખ ૨૩ મી માહે મે સને ૨૦૧૪ ના દિને,

S. R. Shah

જી. વી. ચોવટીયા

NSR
No 3556 - 5/20
2014

<u>વેચાણ લેનાર</u> :-

**મહેન્દ્ર બ્રધર્સ એકસોપોર્ટ પ્રા. લી. કંપની વતી અને તર્ફે**

**અધિકૃત કરેલ ઓથોરાઈઝડ વ્યકિત**

**સાવનભાઈ રજનીકાંત શાહ,** ઉ.આ.વ.: ૪૯, ધંધો : નોકરી,

રહેવાસી : ''મહેન્દ્ર બ્રધર્સ'' ગણદેવી રોડ, મુ.પો. જમાલપોર,

તા. જી. નવસારીના (ફોન નં. ૦૨૬૩૭ ૨૨૭૨૫૭)

(જેમને આ વેચાણ દસ્તાવેજમાં હવે પછી **વેચાણ લેનાર** તરીકે ઓળખવામાં તથા જણાવવામાં આવ્યા છે. જે શબ્દમાં તેમના તમામ વંશ, વાલી, વારસો તથા એકઝીકયુટર્સ વિગેરેનો સમાવેશ થઈ જાય છે.)

જોગ લી.

<u>વેચાણ આપનાર</u> :-

**ધનશ્યામભાઈ વલ્લભભાઈ ચોવટીયા**

ઉ.આ.વ.: ૩૬, ધંધો : હીરાકામ, જ્ઞાતે હિન્દુ લેઉઆ પટેલ,

રહેવાસી : મુકિતધામ, પુણા, સુરત, જી. સુરત

મોબા. નં. : ૯૮૨૪૮ ૪૧૭૨૪

(જેમને આ વેચાણ દસ્તાવેજમાં હવે પછી **વેચાણ આપનાર** તરીકે ઓળખવામાં તથા જણાવવામાં આવ્યા છે જે શબ્દમાં હમારા તમામ વંશ, વાલી, વારસો તથા એકઝીકયુટર્સ વગેરેનો સમાવેશ થઈ જાય છે.)

જી. વી. ચોવટીયા

NSR
№ 3556 - 5/20
2014

(૫)

જત હમો વેચાણ આપનાર તમો વેચાણ લેનારને આ કાયદેસરનો વેચાણ દસ્તાવેજ કરી આપી જણાવીએ છીએ કે,

(૧) હમો વેચાણ આપનારની સ્વતંત્ર માલિકી કબજા ભોગવટા વહીવટની અને સંબંધિત રેકર્ડ દફતરે હમારા સ્વતંત્ર નામે ચાલી આવેલી અને તમો વેચાણ લેનારને વેચાણ આપેલી મીલકતનું વર્ણન નીચે મુજબ છે.

## : મિલકતનું વર્ણન :

નવસારી જીલ્લાના નવસારી તાલુકાના જમાલપોર જે સરકારી રેકર્ડ દફતરે રેવન્યુ સર્વે નં. ૧૭ (એકત્રીકરણ મુજબ) થી નોંધાયેલ બીનખેતીની જમીનમાં રહેણાંક અંગેના હેતુલક્ષી પ્લોટો પાડવામાં આવેલ છે જે ''કૌશલ્યા પાર્ક'' ના નામે ઓળખાય છે. જેમાં આવેલ પ્લોટો પૈકી **પ્લોટ નં. ૩૬/૧** (જે ઈ-ધરા રેવન્યુ રેકર્ડ દફતરે ૭-૧૨ માં રેવન્યુ સર્વે નં. ૧૭ પૈકી પ્લોટ નં. ૪૮ થી ૮૧ પૈકી ૨૦ તથા ખાતા નં. ૩૨૩૩ થી નોધાયેલ છે) જેનું માપ નીચે મુજબ છે.

પુર્વ પશ્ચિમ લંબાઈ ઉત્તર તરફ ૧૨.૫૦ મીટર જેના ફુટ ૪૧.૦૦
પુર્વ પશ્ચિમ લંબાઈ દક્ષિણ તરફ ૧૨.૫૦ મીટર જેના ફુટ ૪૧.૦૦
ઉત્તર દક્ષિણ પહોળાઈ પુર્વ તરફ ૬.૬૧ મીટર જેના ફુટ ૨૧.૬૮
ઉત્તર દક્ષિણ પહોળાઈ પશ્ચિમ તરફ ૬.૬૧ મીટર જેના ફુટ ૨૧.૬૮
જે પ્લોટનું કુલ્લે ક્ષેત્રફળ ૮૮૯ ચો.ફુટ જેના ચો.મી. ૮૨.૬૨૫ થાય છે જેની ચતુરદિશા નીચે મુજબ છે.

SRShah    જી.બી. સોલંકીયા

SUB-REGISTRAR (સિક્કો) NAVSARI

NSR
№ 3556 - 6/20
2014

**<u>ચતુરદિશાનું વર્ણન</u>**

પૂર્વે :- પ્લોટ નં. ૫૯

પશ્ચિમે :- આંતરીક રસ્તો

ઉત્તરે :- પ્લોટ નં. ૩૬/૨

દક્ષિણે :- આંતરીક રસ્તો

ઉપરોક્ત રહેઠાણના પ્લોટની ખુલ્લી જમીન તેને લાગતા વળગતા તમામ પ્રકારના હક્ક, હીત, અધિકાર સહિતની.

(૨) સદર ઉપર પેરા-૧ (એક) માં જણાવેલ જમીન મૂળ ખેતીની જમીન ચાલી આવેલી સદર જમીનના મુળ માલીકે સદરહું જમીન બીનખેતીની કરવા અંગે મે. જીલ્લા વિકાસ અધિકારીશ્રી વલસાડનાને અરજી કરેલી અને મે. જીલ્લા વિકાસ અધિકારીશ્રી વલસાડનાએ જરૂરી તમામ પ્રકારની કાયદેસરની કાર્યવાહી અનુસર્યા બાદ તેમના હુકમ નં. ડી.પી. / એન.એ. / રજી. નં. ૧૪૮ / ૯૨-૯૩ તા.૩૧/૦૩/૧૯૯૩ ના રોજ થી બીનખેતીની પરવાનગી આપવામાં આવેલી અને જે ''કૌશલ્યા પાર્ક'' ના નામથી ઓળખાય છે જે બીનખેતીની પરવાનગીમાં જણાવેલ શરતોને આધીન વેચાણ આપેલ છે. સદર પેરા - ૧ માં જણાવેલ પ્લોટ અગાઉના માલીક પાસેથી પરમેશ્વરીબેન પ્રેમચંદ લાલવાણી તથા શંકર પરભુમલ લાલવાણીએ વેચાણ રાખેલ અને તેઓ પાસેથી દિલુભાઈ નાનુભાઈ સવંટ એ તા.૨૯/૦૩/૨૦૦૭ ના રોજના રજી. વેચાણ દસ્તાવેજ નં. ૩૦૯૨ થી વેચાણ રાખેલી જે વેચાણ દસ્તાવેજ અન્વયે રેકર્ડ દફતરે નોંધ નં. ૩૮૪૬ તા.૨૫/૧૨/૨૦૦૭ ના રોજ પાડવામાં આવેલી જે નોંધ જરૂરી તમામ પ્રકારની કાયદેસરની કાર્યવાહી અનુસર્યા

SUB-REGISTRAR (વલસાડ) NAVSARI

S.R.Shah     જે. વી. સોલંકી

NSR
No 3556 - 7/20
2014

બાદ મંજુર કરવામાં આવેલી ત્યારબાદ દિલુભાઈ નાનુભાઈ સવંટ પાસેથી હમો વેચાણ આપનાર ઘનશ્યામભાઈ વલ્લભભાઈ ચોવટીયાએ તા.૧૮/૧૨/૨૦૧૩ ના રોજના રજી. વેચાણ દસ્તાવેજ નં. ૭૭૦૪ થી વેચાણ રાખેલી જે વેચાણ દસ્તાવેજ અન્વયે રેકર્ડ દફતરે નોંધ નં. ૫૬૫૮ તા.૨૧/૧૨/૨૦૧૩ ના રોજ પાડવામાં આવેલી જે નોંધ જરૂરી તમામ પ્રકારની કાયદેસરની કાર્યવાહી અનુસર્યા બાદ મંજુર કરવામાં આવેલી અને ત્યારથી સદરહું પ્લોટના હમો વેચાણ આપનાર સંપુર્ણ અને સ્વતંત્ર માલીક કબજેદાર હતા અને છીએ અને તે તમામ સંજોગોમાં પેરા-૧ (એક) માં જણાવેલ મિલકત ઉપરનો હમો વેચાણ આપનારનો માલિકી હક્ક યાને સ્વત્વ બીલકુલ ચોખ્ખુ છે અને કલીયર માર્કેટેબલ ટાઈટલ વાળી મિલકત છે. તે અંગેની ખાતરી હમો વેચાણ આપનારે તમો વેચાણ લેનારને કરી કરાવી છે. તેમ છતાં પેરા-૧ (એક) માં જણાવેલ મિલકતના માલિકી હક્ક સંબંધે કોઈપણ પ્રકારની તર-તકરાર કે વાંધા-વચકા ઉપસ્થિત થાય તો તેની સફાઈ હમો વેચાણ આપનારે હમારા પોતાના ખર્ચે કરી કરાવી આપવાની છે. જેની આથી હમો વેચાણ આપનારે તમો વેચાણ લેનારને ખાતરી, વિશ્વાસ અને બાંહેધરી તથા ભરોસો આપીએ છીએ સહી.

(3) સદર પેરા-૧ (એક) માં જણાવેલી રહેઠાણના પ્લોટની જમીન વેચાણ આપનારે વેચાણ કરવા માંગતા હોય અને તમો વેચાણ લેનારને પેરા-૧ (એક) માં જણાવેલી મિલકત એટલે કે રહેઠાણના પ્લોટની મિલકત

SUB-REGISTRAR (seal)

NSR
No 3556 - 8/20
2014

જમીન ખરીદવા માંગતા હોય, આપણે પક્ષકારોએ મિલકતની સ્થળસ્થિતિ, લેવલીંગ, ક્ષેત્રફળ તેમજ સરકારશ્રીની જંત્રી વિગેરે તમામ અવયવો, પરિબળો વિગેરે ધ્યાનમાં લઈ પેરા-૧ (એક) માં જણાવેલી પ્લોટ / જમીનની વેચાણ કિંમત રૂા.૯૪,૦૮૦/- અંકે રૂપિયા ચોરાણું હજાર એંશી પુરા નક્કી કરી છે અને સદર વેચાણ કિંમત બજારમાં પ્રવર્તતી પરિસ્થિતિ જોતાં વ્યાજબી અને પૂરતી હોવાનું આપણે પક્ષકારોએ સ્વીકાર અને અંગીકાર કર્યો છે. અને તમો વેચાણ લેનારે સદર વેચાણ અવેજની પુરેપુરી રકમ રૂા.૯૪,૦૮૦/- અંકે રૂપિયા ચોરાણું હજાર એંશી પુરા હમો વેચાણ આપનારને તમો વેચાણ લેનારે નીચે મુજબ ચુકવી આપ્યા છે.

| તારીખ | રકમ રૂા. પૈસા | બેંકનું નામ | ચેક નંબર |
|---|---|---|---|
| ૨૨/૦૫/૧૪ | ૯૪,૦૮૦/- | બેંક ઓફ બરોડા<br>તરોટા બજાર નવસારી | ૫૧૬૫૬૩ |
| | ૯૪,૦૮૦/- | અંકે રૂપિયા ચોરાણું હજાર એંશી પુરા | |

THE SEAL OF THE SUB-REGISTRAR * NAVSARI *

ઉપર મુજબની વિગતે વેચાણ અવેજની પુરેપુરી રકમ ચુકતે મળ્યા બદલનો હમો વેચાણ આપનાર સ્વીકાર અને અંગીકાર કરી પંહોચ સ્વીકારીએ છીએ અને સદર વેચાણ અવેજના ગરથના બદલામાં પેરા-૧ (એક) માં જણાવેલી બીનખેતીના રહેઠાણના ખુલ્લા પ્લોટના તમો વેચાણ લેનારને ''યાવતચંદ્ર દિવાકરો પર્યન્ત'' ના સંપૂર્ણ અને સ્વતંત્ર માલિક કબજેદાર બનાવ્યા છે અને પેરા-૧ (એક) માં જણાવેલી મિલકત તમો વેચાણ લેનારના પ્રત્યક્ષ કબજે માલિકી હક્કે સ્થળ ઉપર સુપ્રત કરી

ડી.આર.પટેલ    જે.બી. ઓવરીયા

NSR
№ 3556 - 9/20
2014

અને તમો વેચાણ લેનારે સ્થળ ઉપર પ્રત્યક્ષ કબજો સંપૂર્ણ માલિકી હક્કે સંભાળી લીધાનો સ્વીકાર અને અંગીકાર કરી આ વેચાણ દસ્તાવેજ કરી આપ્યો છે. અને હવેથી પેરા-૧ (એક) માં જણાવેલી મિલકતમાં હમો વેચાણ આપનારનો કે હમારા વંશ, વાલી, વારસોનો કોઈપણ પ્રકારનો માલિકી હક્ક, લાગભાગ, હક્ક હીસ્સો કે હીત સંબંધ રહયો નથી કે રાખ્યો નથી. અને તેમ છતાં ભવિષ્યમાં હમો વેચાણ આપનારાઓ થકી હમારા વંશ, વાલી, વારસો કે કોઈપણ ઈસમ કે સંસ્થા કોઈપણ પ્રકારનો દાર-દાવો કે હીત સંબંધ ઉત્પન્ન કરે કરાવે કે આ દસ્તાવેજ ની ઈબારતો વિરૂધ્ધ કોઈપણ પ્રકારની તર- તકરાર ઉત્પન્ન કરે કરાવે તો તે આ વેચાણ દસ્તાવેજ રૂએ રદબાતલ થાય સહી.

(૪) સદર પેરા-(૧)એકમાં જણાવેલી મિલકતમાં આવન જાવન માટે તથા વાહનો લાવવા લઈ જવા માટે આંતરીક રસ્તાઓ મુકવામાં આવેલ છે. જેનો ઉપયોગ તમામ પ્લોટ હોલ્ડરોએ સહિયારાપણામાં કરવાનો છે અને રહેશે. તેમજ સદરહું સર્વે નંબરને લાગુ પશ્ચિમ દિશા તરફ આવેલ સર્વે નંબર - ૨૦ પૈકીવાળી બિનખેતીની જમીન નવસારી - ગણદેવી સ્ટેટ હાઈવે રોડને લાગુ આવેલ છે. જેથીએ રોડ ઉપરથી રે. સર્વે નં. ૨૦ પૈકી વાળી બિનખેતીની જમીનમાં મુળ માલીકોની માલિકીના ચાલી આવેલ ૨૦ ફુટ પહોળાઈના આંતરીક રસ્તાનો વપરાશ કરવા માટેના ફકત હકકો તમો વેચાણ લેનારે આપ્યા છે. જેથી રે. સર્વે નં. ૨૦ પૈકી જમીનમાં આવેલ તમામ પ્લોટના માલિકોને તથા તે સર્વે નંબરના પ્લોટ

SUB-REGISTRAR

NSR
No 3556 - 10/20
2014

હોલ્ડરોને રસ્તા વપરાશ માટે તમો વેચાણ લેનાર તરફથી અડચણરૂપ થવાનું રહેશે નહિ. સદરહું રસ્તા વપરાશના હકો તમામ પ્લોટ હોલ્ડરો સાથે સહિયારાપણામાં કોઈને અડચણ રૂપ ન થાય તે રીતે કરવા કરાવવાનો રહેશે તેમજ સદરહું જમીનમાં કોમન પ્લોટની જે જમીન છોડવામાં આવેલ છે તેમાં હમો વેચાણ આપનારના સહિયારા વપરાશના ચાલી આવેલા હકો જે હમોને પ્રાપ્ત થયેલા તે તથા રસ્તા વપરાશના હકો આ વેચાણ દસ્તાવેજથી તમો વેચાણ લેનારને ટ્રાન્સફર / તબદીલ કરેલ છે. તેમજ સદરહું રસ્તા અંગે ભવિષ્યમાં મરામ્મત કરાવવા અંગેનો થતો ખર્ચ સહિયારાપણામાં કરવાનો રહેશે તથા ભવિષ્યમાં મેઈનટેનન્સ સોસાયટી બનાવવામાં આવે તો તેનું સભ્યપદ ફરજીયાત લેવાનું રહેશે.

(૫) સદર પેરા-(૧)એકમાં જણાવેલી બીનખેતીની પરવાનગી અન્વયેના પૈકીની જમીન છે. અને જેથી સદર જમીનમાં પાડવામાં આવેલા અન્ય પ્લોટોના જે તે સમયના માલિક કબજેદારો સાથે જે કાંઈ સહીયારી સગવડો તથા સુવિધાઓ જેવી કે, રસ્તા, કોમન પ્લોટ કે અન્ય સહીયારી સગવડો ઉભી કરવામાં આવે તેનો સહીયારાપણામાં વાપર, ઉપયોગ, વહીવટ, વ્યવસ્થા કરવાની છે અને સદર તમામ સહીયારી સુવિધાઓનો નિભાવ ખર્ચ સહીયારાપણામાં કરવાનો રહેશે અને સદર પેરા- (૧) એકમાં જણાવેલી જમીનના વિકાસ અંગે જે કાંઈ સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવે તે સહીયારાપણામાં તેનો ખર્ચ ભોગવવાનો રહેશે

NSR
№ 3556 - 11/20
2014

અને બીનખેતીની પરવાનગી અન્વયે મંજુર થયેલા નકશામાં દર્શાવવામાં આવેલ રસ્તા ઉપરથી આવવા જવાના તમામ વાહનો લાવવા લઈ જવાના સરીયારા વપરાશના હકકો સહિત પેરા - (૧) એકમાં જણાવેલી મિલકત વેચાણ આપી પ્રત્યક્ષ કબજે સોંપી છે.

(૬) સદર પેરા - (૧) એકમાં જણાવેલી જમીનમાં પાડવામાં આવેલા કોમન રસ્તા, કોમન સગવડોની જમીનમાં તમો વેચાણ લેનારનો ફાળે પડતો હીસ્સો ચાલી આવેલો છે, તે તમામ અન્ય પ્લોટ હોલ્ડરો સાથે સહીયારાપણામાં કરવાનો છે.

(૭) સદર પેરા-(૧) એકમાં જણાવેલી તમો વેચાણ લેનારને વેચાણ આપેલી જમીનમાંથી પ્લોટ હોલ્ડરો સીવાયના સદર જમીનના લાગુ માલિક કબજેદારો કે અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો ઈઝમેન્ટનો યાને સુખાધીકારનો કે ભરણપોષણનો કે ઈતર પ્રકારનો હકકો ન હતા કે નથી એટલે કે સદર જમીનમાં આવેલા પ્લોટ હોલ્ડરો સિવાય સદર જમીનમાંથી જવા આવવાનો કે ઈતર પ્રકારનો અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો હકક અધિકાર ન હોત કે નથી. જેની સ્પષ્ટતા સહીત હાલનો વેચાણ દસ્તાવેજ કરવામાં આવ્યો છે.

(૮) સદર પેરા - (૧) એકમાં જણાવેલી મિલકતમાં કોઈપણ ઈસમનો લાગભાગ, હકક, હિસ્સો, દર-દાવો નથી. તેમજ સદર મિલ્કતમાં હમો વેચાણ આપનાર સિવાય કોઈ હીસ્સેદારો કે દાવેદારો નથી અને તે સંજોગોમાં તમો વેચાણ લેનારને વેચાણ આપેલી પેરા - (૧) એકમાં જણાવેલી જમીન બીલકુલ બીનકરજી, બીનજોખમી અને કલીયર

SUB-REGISTRAR

કે.આર.કુંભાણી          જે.વી. સોંવરીયા

NSR
No 3556 - 12/20
2014

માર્કેટેબલ ટાઈટલવાળી છે. સદર જમીન હમો વેચાણ આપનારના કબજે માલિકીહકકે ચાલી આવેલી અને હમો વેચાણ આપનાર કોઈપણ ઈસમ કે સંસ્થા જોડે કોઈપણ પ્રકારના ટ્રાન્સફરના વ્યવહારો જેવા કે, વેચાણ, બક્ષીસ, ગીરો વીગેરે કરેલા ન હતા કે નથી. તેમજ સદર જમીન ઉપર કોઈપણ ઈસમનો ભરણપોષણનો કે ઈતર પ્રકારનો હકક, અધીકાર ન હતો કે નથી અને સદર જમીન કોઈપણ અદાલતી પ્રકરણની વિષયવસ્તુ નથી કે સદર જમીન થકી કોઈની કોઈપણ પ્રકારની જામીનગરી કે જવાબદારી સ્વીકારેલ ન હતી કે નથી અને તે તમામ સંજોગોમાં પેરા-(૧) એકમાં જણાવેલી જમીન બીલકુલ બીનકરજી, બીનજોખમી તથા ચોખ્ખા માર્કેટેબલ ટાઈટલવાળી છે. જેની ખાતરી હમો વેચાણ આપનારાએ તમો વેચાણ લેનારને કરી કરાવી છે.

(૯) સદર પેરા-૧ (એક) માં જણાવેલ જમીનનો શાંત પ્રત્યક્ષ કબજો માલીકી હકકે સ્થળ ઉપર સુપ્રત કરેલ છે. અને તમો વેચાણ લેનારે સદર જમીનનો સ્થળ ઉપર માલીકી હકકે પ્રત્યક્ષ કબજો સંભાળી લીધો છે. જેનો આથી હમો વેચાણ આપનારાઓ સ્વીકાર અને અંગીકાર કરીએ છીએ સહી.

(૧૦) સદર તમો વેચાણ લેનારને આ વેચાણ દસ્તાવેજથી વેચાણ આપેલ જમીન કોઈપણ રાષ્ટ્રીયકૃત બેન્કમાંથી લોન લઈ બોજા માં મૂકેલ નથી. સહકારી બેન્ક કે મંડળીમાંથી ધીરાણ લઈ શાનગીરોમાં લખી આપવામાં આવેલ નથી. તેમજ બીજા કોઈપણ ઈસમ ને ભાડે, પટે કે ગણોત પટે કે

SUB-REGISTRAR

NSR
№ 3556 - 13/20
2014

ઈતર રીતે બોજામાં સુપ્રત કરવામાં આવેલ નથી. તેમજ સરકારશ્રીનાં સંપાદન થવા માટેની કોઈ જાતની નોટીસ કે જાહેરાત કોઈપણ કોર્ટ કચેરી કે ખાતા તરફથી હમો વેચાણ આપનારાઓને હમારા અગ્રહક્કધારીઓને આજદિન સુધી મળેલ નથી કે તેવી કોઈ જાહેરાતની પ્રસિધ્ધી થયેલ નથી.

(૧૧) સદર પેરા - (૧) એકમાં જણાવેલી મિલકત તથા રસ્તાની ફાળે પડતી જમીનના શિક્ષણ ઉપકર, મહેસુલ કે ઈતર રીતના સરકારી ભરણાં તમો વેચાણ લેનારે હવેથી માલિકી હકકે ભરપાઈ કરવાના છે અને સદર જમીનના આજદિન સુધીના તમામ પ્રકારના સરકારી કે અર્ધ સરકારી ભરણાં જે તે સમયે ભરપાઈ થયેલા છે અને તેમછતાં આજદિન અગાઉના સદર તમોને વેચાણ આપેલી જમીન સંબંધેના કોઈપણ પ્રકારનાં ભરણાં બાકી નીકળી આવે તો તે હમો વેચાણ આપનારાઓએ ભરપાઈ કરવાના છે. જેની હમો વેચાણ આપનારાઓ જવાબદારી સ્વીકારી બાંહેધરી આપીએ છીએ.

(૧૨) સદર પેરા - (૧) એકમાં જણાવેલી જમીનની પુરેપુરી વેચાણ અવેજની રકમ સ્વીકારી આ વેચાણ દસ્તાવેજ રૂએ તમો વેચાણ લેનારને સંપુર્ણ અને સ્વતંત્ર માલિકી કબજેદાર બનાવ્યા હોય તમો વેચાણ લેનારે બીનખેતીની પરવાનગી ની શરતોને આધીન તમારી ઈચ્છા અને મરજી મુજબ સરકારી, અર્ધ સરકારી ધારા ધોરણને આધીન વાપર - ઉપયોગ - ઉપભોગ - વહીવટ - વ્યવસ્થા કરવા- વ્યવસ્થા કરવા કરાવવાને માલીક મુખત્યાર છો સહી.

S. R. Shah          જે. વી. ચોવટીયા

THE SUB-REGISTRAR (સિક્કો) ... VSA

NSR
№ 3 5 5 6 - 15/20
2014

(૧૩) સદર પેરા - (૧) એકમાં જણાવેલી જમીન હમો વેચાણ આપનારાઓએ અવેજની રકમ સ્વીકારી માલીકી હકકે વેચાણ લેનારને પ્રત્યક્ષ કબજે માલિકી હકકે સોંપી હોય સંબંધીત તમામ રેકર્ડ દફતરે તમો વેચાણ લેનારના નામે માલીકી હકકે કરી કરાવી આપવાની છે અને તેવે સમયે હમો વેચાણ આપાનારાઓએ જે તે સક્ષમ અધીકારીશ્રી સમક્ષ ઉપસ્થિત થઈ આપવાની છે. અને જો તેમ કરવામાં હમો વેચાણ આપનાર કસુર કરીએ કરાવીએ તો તમો વેચાણ લેનારે આ દસ્તાવેજ રૂએ તમારા નામે માલિકીહકકે કરી કરાવી લેવાને માલિક મુખત્યાર છો સહી.

(૧૪) પેરા - (૧) એકમાં જણાવેલી તમો વેચાણ લેનારને વેચાણ આપેલ મિલકતનો સ્થળ ઉપર હદહૂદ, ક્ષેત્રફળથી વાકેફ, માહિતગાર કરી, વેચાણ લેનારને સુપ્રત કર્યો છે. અને વેચાણ લેનારાઓ સ્થળ ઉપર શાંત, પ્રત્યક્ષ કબજો સંભાળી લીધો છે. અને તમોને વેચાણ આપેલ મિલકત હમો વેચાણ આપનારાઓએ અન્ય કોઈને કોઈ પણ પ્રકારે તબદીલ કરેલ નથી કે તે અંગેનું કોઈ લખાણ કરી આપેલ નથી અને જેથી ભવિષ્યમાં તમોને વેચાણ આપેલ મિલકત અંગે કોઈપણ પ્રકારની જવાબદારી ઉપસ્થિત થાય કે તેવા કોઈ હકક - દાવા ઉત્પન્ન કરે થાય તો તેની સંપુર્ણ જવાબદારી હમો વેચાણ આપનારાઓની રહેશે.

(૧૫) આ વેચાણ દસ્તાવેજનો તમામ ખર્ચ જેવા કે, સ્ટાંપ ફી, રજીસ્ટ્રેશન ફી, લખાઈ ફી, વીગરે તમામ તમો વેચાણ લેનારાઓએ કર્યો છે. તે અંગે વેચાણ આપનારાઓની કોઈપણ પ્રકારંની જવાબદારી નથી. જેની સ્પષ્ટતા આપણી વચ્ચે થઈ ગઈ છે.

SUB-REGISTRAR

NSR
№ 3 5 5 6 - 15/20
2014

ઉપર મુજબનો વેચાણ દસ્તાવેજ હમો વેચાણ આપનારે તમો વેચાણ લેનાર પાસેથી પુરેપુરી વેચાણ અવેજની રકમ સ્વીકારી, સ્થળ ઉપર પેરા - (૧) એકમાં જણાવેલી મિલકતનો પ્રત્યક્ષ કબજો સોંપી, તન મનની સંપુર્ણ તંદુરસ્તીમાં, વાંચી, વિચારી, વંચાવી, કોઈપણ જાતના દાબ-દબાણ વિના કરી આપ્યો છે. જે હમો વેચાણ આપનારાઓને તથા હમારા વંશ, વાલી, વારસોને કબૂલ મંજુર અને બંધનકર્તા છે અને રહેશે સહી.

અત્રે ____________ મતુ તત્રે ____________ શાખ

ઘનશ્યામભાઈ વલ્લભભાઈ ચોવટીયા

ઘનશ્યામભાઈ વલ્લભભાઈ ચોવટીયા

**સાક્ષી**


મુ.ર. મારદીયા
____________

____________

SUB-REGISTRAR
(રની સિક્કો)

NSR
№ 3556 - 16/20
2014

SEAL OF THE SUB-REGISTRAR



મોજે : જમાલપોર, તા. જી.નવસારીના રેવન્યુ સર્વે નં. ૧૭ પૈકી પ્લોટ નં. ૪૮ થી ૮૧ પૈકી ૨૦ / પૈકી ૧, પ્લોટ નં. ૩૬/૧ વાળી ખુલ્લી જમીનનો ફોટોગ્રાફ

વેચાણ લેનારની સહી :

**મહેન્દ્ર બ્રધર્સ એકસોપોર્ટ પ્રા. લી. કંપની વતી**
**અને તર્ફે અધિકૃત કરેલ ઓથોરાઈઝડ વ્યકિત**

S. R. Shah

**સાવનભાઈ રજનીકાંત શાહ**

વેચાણ આપનારની સહી : ઘનશ્યામ ભાઈ વલ્લભભાઈ ચોવટીયા

**ઘનશ્યામભાઈ વલ્લભભાઈ ચોવટીયા**

NSR
№ 3556 - 17/20
2014

<u>વેચાણ લેનારા</u> :

મહેન્દ્ર બ્રધર્સ એકસોપોર્ટ પ્રા. લી. કંપની વતી

અને તર્ફે અધિકૃત કરેલ ઓથોરાઈઝડ વ્યકિત



S. R. Shah

સાવનભાઈ રજનીકાંત શાહ

<u>વેચાણ આપનાર</u> :



ઘનશ્યામભાઈ વલ્લભભાઈ ચોવટીયા

ઘનશ્યામભાઈ વલ્લભભાઈ ચોવટીયા


| NSR | | |
|---|---|---|
| 3556 | 18 | 20 |
| 2014 | | |

3/05/2014 3:12:28 pm Version 1.0.2014.19

અનુક્રમ નંબર ૩૫૫૬ સને ૨૦૧૪
ના મે માસની ૨૩ મી તારીખે
૧૫ થી ૧૬ વાગ્યાની વચ્ચે નવસારી
સબ રજીસ્ટ્રારની કચેરીમાં રજુ કર્યા.

પહોંચ નંબર: ૨૦૧૪૦૭૪૦૦૫૮૬૯


| ફીપહોંચી છે તે | રૂ. પૈસા |
|---|---|
| રજીસ્ટ્રેશન ફી | ૯૫૦ |
| નકલ કરવા ની ફી સાઇડ / ફોલીયં ( 25 ): | ૨૫૦ |
| અન્ય ફી | ૦ |
| કુલ એકંદરે રૂ. | ૧૨૦૦ |




મહેન્દ્ર બ્રધર્સ એકસપોર્ટ પ્રા.લી કંપની વતી અને તર્ફે અધિકૃત
કરેલ ઓથોરાઇઝડ વ્યકિત

( R. C. NAIK )
સબ રજીસ્ટ્રાર
નવસારી

( R. C. NAIK )
સબ રજીસ્ટ્રાર
નવસારી


| અનું. નંબર | પક્ષકારનું નામ અને સરનામુ | ઉમર | ફોટોગ્રાફ | ડા.હા.અં.ની છાપ | સહી |
|---|---|---|---|---|---|
| આપનાર | | | | | |
| ૧.૦૦૦ | ધનશ્યામભાઇ વલ્લભભાઇ ચોવટીયા<br>મકિતધામ, પુણા, સુરત | ૩૬ |  |  | |

દસ્તાવેજ લખી આપનાર આ દસ્તાવેજ
લખી આપ્યાનું કબુલ કરે છે.

| NSR | | |
|---|---|---|
| 3556 | 19 | 20 |
| 2014 | | |

3/05/2014 3:12:28 pm Version 1.0.2014.19

૧ મુકેશભાઈ રમણલાલ નાયક
રઘુકુલ એપા. મંકોડીયા, નવસારી




૨ ગોપાળજી નારણજી પટેલ
કણબીવાડ, દાંતેજ, તા.જી. નવસારી




તેઓ કહે છે કે સદરહું લખી આપનારને તેઓ જાતે ઓળખે છે.
અને તેમની ઓળખાણ આપે છે.

૧. ________________

૨. ________________

તારીખે ૨૩ માહે મે - ૨૦૧૪

R. C. NAIK
સબ રજીસ્ટ્રાર
નવસારી

બજાર કિંમત નક્કી કરવા અંગેનું
ફોર્મ નં. ૧ રજુ થયેલ છે.

તારીખ : ૨૩/૦૫/૨૦૧૪

R. C. NAIK
સબ રજીસ્ટ્રાર
નવસારી

આ સાથે લેનાર , આપનાર તથા ઓળખાણ આપનારના ઓળખ અંગેના પ્રમાણીત પુરાવા રજુ કરેલ છે.

તારીખ : ૦૨/૦૬/૨૦૧૪

( R. C. NAIK )
સબ રજીસ્ટ્રાર
નવસારી

૧ નંબરની બુકના ૩૫૫૬ નંબરે નોંધ્યો છે.

તારીખ : ૦૨/૦૬/૨૦૧૪

R. C. NAIK
સબ રજીસ્ટ્રાર
નવસારી

THE SEAL OF THE SUB-REGISTRAR * NAVSARI *

VERIFIED

PIYUSHKUMAR P. PATEL
ADVOCATE & NOTARY